@kkm1940 www.kkmtrust.org

કપડવણજ કેળવણી મંડળ

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
સ્થાપના વર્ષ : ૧૯૪૦

Affordable Education For All

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

• સંપાદક :- ઋચા આચાર્ય, મનીષા પટેલ • સહ સંપાદક :- ઉલ્પાબેન, ભાવિકાબેન • માર્ગદર્શક :- અનંતભાઈ શાહ • પ્રકાશક :- કપડવણજ કેળવણી મંડળ

શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ

આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ સતત ત્રીજા વર્ષે બેડમિન્ટનમાં યુનિવર્સિટી ચેમ્પિયન



સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત ઇન્ટર કૉલેજ બેડમિન્ટન સ્પર્ધામાં કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજની ટીમે ભાગ લઇ સતત ત્રીજા વર્ષે સર્વોત્તમ પ્રદર્શન કરી, યુનિવર્સિટીમાં ચેમ્પિયનશીપ જાળવી રાખી, હેટ્રિક કરી હતી. આ વર્ષે ખેડા અને આણંદ જિલ્લાની કૉલેજોની કુલ ૨૭ ટીમોએ ભાગ લીધો હતો. જેના ફાઇનલ રાઉન્ડના મુકાબલામાં બી.જે.વી.એમ.કૉલેજને ૩-૦ થી હરાવીને આર્ટ્સ - કૉમર્સ કૉલેજ, કપડવંજની ટીમ વિજેતા બની યુનિવર્સિટી કક્ષાએ કપડવંજ કૉલેજનું ગૌરવ વધાર્યું છે. આ ભવ્ય સફળતા બદલ કૉલેજના આચાર્ય, કૉલેજ સ્ટાફ પરિવાર અને કેળવણી મંડળ પરિવારે વિજેતા ટીમના ખેલાડીઓ - અરૂણ સોઢા, અકુલ બોડાત, હર્ષ ગોહિલ, યુવરાજ પરમાર, અનુપમ અકોલકર, દિવ્ય પ્રજાપતિ અને જય ગઢવી તથા ટીમના કોચ ડૉ. જગજીતસિંહ ચૌહાણ અને ટીમ મેનેજર ડૉ. જે. બી. બોડાત અને ફીઝીકલ ડાયરેકટર સોઢા પરેશભાઇને અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે યુનિવર્સિટીની વેસ્ટ ઝોન ઇન્ટર યુનિવર્સિટી સ્પર્ધા માટેના ખેલાડીઓની યાદીમાં આર્ટ્સ - કૉમર્સ કૉલેજના ખેલાડીઓએ સ્થાન મેળવી કૉલેજ અને કેળવણી મંડળને ગૌરવ અપાવેલ છે. આમ સ્પર્ધાના સર્વોત્તમ પર્ફોર્મર એવા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજની ટીમના ખેલાડીઓ યુનિવર્સિટી ટીમની પસંદગી માટે નોમીનેટ થયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષામાં કપડવંજ કૉલેજના વિદ્યાર્થીઓ મેરીટમાં અગ્રેસર રહે છે. એમ રમતગમતમાં પણ ઉત્કૃષ્ટ પરિણામ મેળવી કપડવંજ કૉલેજનું યુનિવર્સિટી કક્ષાએ ગૌરવ વધાર્યું છે.

એસ. કે. શાહ (ચ્હાવાળા) કોલેજ ઓફ એજ્યુકેશન

યુનિવર્સિટી કક્ષાએ કૉલેજનું ગૌરવ



સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર દ્વારા આયોજીત ઇન્ટર કૉલેજ ઇન્ડોર સ્પોર્ટ સ્પર્ધામાં કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતિ એસ. કે. શાહ (ચ્હાવાળા) કૉલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ.કૉલેજ) સેમ.૧ માં અભ્યાસ કરતી તાલીમાર્થી પટેલ મીશા દક્ષેશભાઇ **''Inter Collegiate Wrestling Tournament 2023-24 Female''** ની સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજયી થઇ ગોલ્ડ મેડલ મેળવી સંસ્થાનું ગૌરવ વધારેલ છે તે બદલ સંસ્થા પરિવાર ખૂબ ગૌરવની લાગણી અનુભવે છે અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

આ સાથે રાજ્યકક્ષાની લોકગીત સ્પર્ધામાં કપડવંજ બી.એડ.કૉલેજનો તાલીમાર્થી રાવળ વિક્રમ સાધાભાઇ દ્વિતીય ક્રમે સ્થાન પામેલ છે.

શ્રીમતી સી.ડી.ગાંધી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ

શાળાના વિદ્યાર્થીઓનો રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સી.ડી.ગાંધી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના બે વિદ્યાર્થીઓએ ''ઇન્ડિયા બિગેસ્ટ સ્ટીમ કિવઝ''માં રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૫૩૧૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને જેમાંથી ૯૪૦ જેટલા વિદ્યાર્થીઓ પસંદ થયા હતા. જેમાં શાળાના બે વિદ્યાર્થીઓ ભટ્ટ યુગ અને બેલીમ ઝુલ્ફેન અનુક્રમે તાલુકા - જિલ્લા કક્ષાનું લેવલ પાર કરી રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને આ સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું. શાળાના આચાર્ય શ્રી મનોજભાઇ પટેલ અને શિક્ષિકા કિંજલબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ આ સિદ્ધિ શાળાએ પ્રાપ્ત કરેલ છે.

આ સાથે શાળામાં ઇન્ડિયન ટેલેન્ટમાં છ વખત ગોલ્ડન સ્કૂલ અવોર્ડ એનાયત થયો છે, જે શાળા માટે ખૂબ ગર્વની વાત છે. આ સ્પર્ધામાં ઘણા બધા બાળકોએ ભાગ લીધો હતો, જેમાંથી નીચેના ત્રણ બાળકોએ રાજ્ય કક્ષાએ સિદ્ધિ મેળવી છે. શાળા અને મંડળ તરફથી સર્વેને અભિનંદન.









કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતિ સી.ડી.ગાંધી ઈંગ્લિશ મિડિયમ શાળાના વિદ્યાર્થીઓએ ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં પ્રાથમિક વિભાગ અને માધ્યમિક એમ બંને વિભાગમાં દ્વિતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે.



સી.ડી.ગાંધી સ્કૂલમાં દેશભક્તિની થીમ આધારિત ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજવામાં આવી હતી. ધોરણ ૬ થી ૮ના બાળકોએ અલગ અલગ ક્રાંતિકારી બનીને પોતાના અભિનયને સારી રીતે રજૂ કર્યો હતો. સ્પર્ધામાં વિજેતાઓ નીચે મુજબ છે.

ધોરણ-૬ (૧) પટેલ આધ્યા (૨) મકાની સ્વરા

ધોરણ-૭ (૧) કલ્વાની આશંકા

ધોરણ-૮ (૧) પટેલ પ્રિશા (૨) ચૌહાણ જાન્વી

પર્યાવરણ દિનની ઉજવણી





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી સી.ડી.ગાંધી ઇં.મિ. સ્કૂલમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિ દ્વારા ૧૯૬૦ અને ૨૦૩૩ના સમય વચ્ચે જે જીવન લોકો જીવી રહ્યા છે તે બાળકોને બતાવીને તેમને પર્યાવરણ સાચવવા અને ઝાડ ઉગાડવાનું મહત્વ સમજાવ્યું હતું.

વધુમાં વિદ્યાર્થીઓએ પ્રાણી વિશે અને તેમના જીવન વિશે પણ સમજાવ્યું હતું. જેમાં પ્રાણીઓને પ્રાણી સંગ્રહાલયમાં ન રાખવા જોઈએ તેવી પ્રેરણા આપતું એક નાટક રજૂ કર્યું હતું. જેની તૈયારી મુનીરા મેમ દ્વારા કરાવવામાં આવી હતી.










ભારતીય સંસ્કૃતિ વિશે વિસ્તૃત માહિતી આપતી 'ભારત કો જાનો' સ્પર્ધામાં શ્રીમતી સી.ડી.ગાંધી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના બાળકોએ તાલુકા કક્ષાએ 'અ' વિભાગમાં તૃતીય સ્થાને અને 'બ' વિભાગમાં બાળકો પ્રથમ સ્થાને વિજેતા થયા. હવે પ્રથમ વિજેતા ટીમ હવે પ્રાંત કક્ષાએ પર્ફોમન્સ આપશે જે આપણાં માટે ખૂબ જ ગર્વની બાબત છે.

શ્રી સી. એન. વિદ્યાલય






વિવિધ સ્પર્ધાઓનું આયોજન

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સી.એન.વિદ્યાલયમાં વિવિધ સહઅભ્યાસિક અને સાંસ્કૃતિક સ્પર્ધાઓ યોજાઇ, જેમાં મહેંદી સ્પર્ધા, સાડી પરિધાન સ્પર્ધા, થાળી સુશોભન સ્પર્ધા, ગીત સ્પર્ધા, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી ભાષામાં નિબંધ સ્પર્ધા વગેરે. તમામ સ્પર્ધાઓમાં વધુ માત્રામાં વિદ્યાર્થીઓએ ભાગ લઇ પોતાનો અનેરો ઉત્સાહ પ્રદર્શિત કર્યો. સી. એન. વિદ્યાલય કેવળ શૈક્ષણિક કાર્યમાં અગ્રેસર ના હોઇ વિદ્યાર્થીઓની આંતરિક શકિતઓ અને કૌશલ્યો બહાર લાવવામાં પણ અગ્રેસર રહી છે.

ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS)

ખેડા જિલ્લાની સુબ્રતો કપ ફૂટબોલ સ્પર્ધામાં મંડળ સંચાલિત શાળાના વિદ્યાર્થીઓ અગ્રેસર




ખેડા જિલ્લા સુબ્રતો કપ ફૂટબોલ સ્પર્ધામાં અંડર ૧૪ - ભાઇઓની સ્પર્ધા તારીખ ૧૦-૦૭-૨૦૨૩, સોમવારના અને અંડર - ૧૭ ભાઇઓની સ્પર્ધા ૧૧-૦૭-૨૦૨૩, મંગળવારના રોજ કપડવંજ કેળવણી મંડળ કેમ્પસમાં યોજાઇ હતી. બંને સ્પર્ધામાં જિલ્લામાંથી કુલ ૪-૪ ટીમે ભાગ લીધો હતો, જેમાં અંડર-૧૪ માં કપડવંજની શ્રી એસ.સી.દાણી સ્કૂલ અને અંડર-૧૭ માં શ્રી સી. એન. વિદ્યાલયની ટીમ વિજેતા થઇ હતી. બંને ટીમ રાજ્ય કક્ષાએ ગોધરા ખાતે ખેડા જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

વિજેતા ટીમને જિલ્લાના રમત-ગમત અધિકારીઓ તથા કપડવંજ કેળવણી મંડળના હોદ્દેદારો અને શાળા પરિવારે અભિનંદન શુભેચ્છા પાઠવી હતી.

ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS)















- ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન આયોજિત ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટમાં કપડવંજ સી. એન. વિદ્યાલય ડી.એલ.એસ.એસ.ની અંડર-૧૪ છોકરીઓની ટીમ ચેમ્પિયન.
- ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન આયોજિત ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટમાં કપડવંજ સી. એન. વિદ્યાલય ડી.એલ.એસ.એસ.ની અંડર-૧૭ છોકરીઓની ટીમ રનર-અપ.
- સર્વે ખેલાડીઓ તથા તેમને સપોર્ટ કરનાર કોચ અને ડી.એલ.એસ.એસ. ટીમને કપડવંજ કેળવણી મંડળ અભિનંદન પાઠવે છે.

શ્રી જડાવબા શિશુ કેન્દ્ર



શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં ''તિરંગા ડે''ની ઉજવણી

નંદ મહોત્સવની ભવ્ય ઉજવણી

જેમાં મુખ્ય મહેમાન શ્રી કેશવભાઇ એ. પટેલ તથા અતિથિ વિશેષ શ્રી કુલદીપસિંહ બી. ચૌહાણ તથા કપડવંજ કેળવણી મંડળના કારોબારી સભ્ય શ્રીમતી જયોતિકાબેન શાહ, કે.કે.એમ. એજયુકેશન હેડ શ્રીમતી પૂજાબેન આચાર્ય અને પ્રોગ્રામ ઑફિસર શ્રીમતી મનિષાબેન પટેલ તથા દાણી ફાઉન્ડેશનના ડાયરેકટર શ્રીમતી નીલાબેન પંડયા તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલીગણ દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. જેમાં નાના નાના બાળ કલાકારોએ ગરબા, હાલરડું અને કૃષ્ણ જન્મની વિવિધ કલાકૃતિ રજૂ કરી. આ કાર્યક્રમ શાળાના આચાર્યા શ્રીમતી નયનાબેન જે. કંસારાના માર્ગદર્શન હેઠળ તમામ શિક્ષકો દ્વારા આ કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યું.









શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં બાળ શિક્ષકો દ્વારા શિક્ષક દિનની ઉજવણી

ચોમાસાની ઋતુદર્શનના પ્રદર્શનનો કાર્યક્રમ





બાળકોને ચોમાસાની ઋતુનો પ્રત્યક્ષ અનુભવ આપી ઋતુની સમજ આપવા શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં પ્રદર્શન યોજવામાં આવ્યું. ચોમાસાને અનુરૂપ શાકભાજી, ફળો, પોશાક, ખાણી-પીણીના સ્ટોલ, તહેવારો, પક્ષીઓનો કલશોર, વર્ષાઋતુનો આનંદ તથા વરસાદી વાતાવરણ અને ચોમાસાની ગાજવીજનો પ્રત્યક્ષ અનુભવ બાળકોને કરાવ્યો. આ કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો. તેમના ઉત્સાહમાં વધારો કરવા માટે વાલીશ્રીઓને આ ઋતુદર્શન જોવા માટે આમંત્રણ પાઠવ્યું હતું.



શાળામાં નાના નાના ભૂલકાઓ દ્વારા રેડ ડે અને ચલો ડે ની ઉજવણી





શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં
ગુરૂપૂર્ણિમાની ઉજવણી

શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. નવા સત્રમાં બાળકો બાલમંદિરમાં આવ્યા ત્યારે આચાર્યાશ્રી નયનાબેન કંસારા અને દરેક શિક્ષિકા બહેનોએ બાળકોને કંકુ ચોખાથી તિલક કરી ફૂલથી વધાવ્યા, સાથે મોં પણ મીઠું કરાવ્યું. આસોપાલવના તોરણ અને રંગોળી પૂરી કુગ્ગા જેવી અનેક વસ્તુઓનો ઉપયોગ કરી બાલમંદિર સજાવી બાળકોને પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. પ્રવેશોત્સવની ફોટો ફ્રેમ બનાવી હતી. જેમાં બાળકોના ફોટા પાડી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.





રથયાત્રાની ઉજવણી

શાળાના નાના નાના ભૂલકાઓએ
શિક્ષિકા બહેનો સાથે
રથયાત્રાની ઉજવણી કરી,
શિક્ષકોએ બાળકોને
રથયાત્રા અને
જગન્નાથ ભગવાનની
સમજ આપી.



શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર



શાળાના વિદ્યાર્થીઓ પ્રથમ નંબરે વિજેતા

ભારત વિકાસ પરિષદ આયોજિત રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિરની વિદ્યાર્થીનીઓએ પ્રાથમિક વિભાગમાં પ્રથમ નંબર મેળવ્યો હતો. વિદ્યાર્થીનીઓના અવાજ અને લયથી કાર્યક્રમમાં હાજર સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. સૌએ આ સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતાં.





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત **શ્રી મા.દે.કિશોર મંદિર શાળામાં સ્વતંત્રતા દિવસની ઉજવણી**ના ભાગરૂપે દેશભક્તિ ગીત સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સાથે વેશભૂષા અને તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં તિરંગાની વિશાળ રંગોળી પણ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દેશભક્તિના રંગમાં રંગાયા હતા તેથી વાતાવરણ પણ 'વંદે માતરમ્' અને 'ભારત માતા કી જય' દ્વારા ગુંજી ઉઠ્યું હતું.



બાળવૈજ્ઞાનિક પ્રદર્શનમાં સી.આર.સી. કક્ષાએ શાળાના વિદ્યાર્થીઓ પ્રથમ

તારીખ ૧૨-૯-૨૩ને મંગળવારના રોજ સી.આર.સી. કક્ષાનું બાળવૈજ્ઞાનિક પ્રદર્શન તાલુકા શાળા, કપડવંજ ખાતે યોજાયું હતું. જેમાં સી.આર.સી.-કપડવંજ કન્યામાં સમાવિષ્ટ સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓએ ભાગ લીધો હતો.

આ પ્રદર્શનમાં શ્રી મા.દે.કિશોર મંદિરના વિદ્યાર્થીઓએ વિભાગ-૨ માં 'જંગલોનું આગથી રક્ષણ' કૃતિ રજૂ કરી હતી. જેમાં વિદ્યાર્થીઓએ સુંદર રજુઆત થકી પ્રથમ ક્રમ મેળવ્યો હતો. આ વિદ્યાર્થીઓ હવે તાલુકા કક્ષાના પ્રદર્શનમાં પોતાની કૃતિ રજૂ કરશે. આ ગૌરવ બદલ શાળા પરિવારે ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને માર્ગદર્શન આપનાર વિજ્ઞાન શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

શાળાનું ગૌરવ

શ્રી માણેકલાલ દેસાઇ કિશોર મંદિર, કપડવંજ
કોમન પ્રવેશ પરીક્ષા(CET)
પરિણામ - 2023

ક્રમ	વિદ્યાર્થીનું નામ	મેળવેલ ગુણ	ધોરણ અને વર્ગ
1	પટેલ તક્ષ મનોજભાઈ	102	૬ / અ
2	પટેલ જ્વલ મુકેશભાઈ	98	૬ / અ
3	ગોહિલ શિવ મહેન્દ્રભાઈ	96	૬ / બ
4	પટેલ શૌર્ય વિપુલકુમાર	94	૬ / ક
5	પટેલ પથિકા સુનિલભાઈ	88	૬ / ક
6	ત્રિવેદી સુજલ પિંકેશકુમાર	86	૬ / બ
7	પટેલ કુશ પિયુષભાઈ	84	૬ / અ
8	પટેલ વ્રિષા રશેષકુમાર	83	૬ / ક
9	પટેલ રાજન તુષારકુમાર	81	૬ / અ
10	જાની કવન ચેતન	78	૬ / બ
11	દેસાઈ હેત બ્રિજેશકુમાર	76	૬ / બ
12	મકવાણા હર્ષિલ હિતેન્દ્રકુમાર	74	૬ / અ
13	રાણા ભૂમિ સંજયકુમાર	71	૬ / અ
14	પરમાર હર્ષવર્ધન રાજેશકુમાર	70	૬ / બ



મુખ્યમંત્રી જ્ઞાનસેતુ સ્કોલરશીપ યોજના અંતર્ગત ૨૭ એપ્રિલ ૨૦૨૩ના રોજ ગુજરાત રાજ્યના ધોરણ-૫ ના ૪ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓની કોમન પ્રવેશ પરીક્ષા (CET) લેવાઇ. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવામાં આવ્યું જેમાં રાજ્યના ૫૨,૩૧૭ જેટલા વિદ્યાર્થીઓ મેરિટમાં સ્થાન પામ્યા છે. આ મેરિટમાં કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી માણેકલાલ દેસાઇ કિશોર મંદિર શાળાના પટેલ તક્ષ (કપડવંજ તાલુકામાં પ્રથમ) સહિત કુલ ૧૪ વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સર્વે વિદ્યાર્થીઓને મંડળ તથા શાળા પરિવારે શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા. મેરિટમાં સ્થાન પામેલ વિદ્યાર્થીઓને નિયમોનુસાર ધોરણ-૧૨ સુધીના અભ્યાસ દરમિયાન શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

બાળકોમાં નેતૃત્વના વિકાસ માટે શાળામાં બાળ સંસદનું આયોજન













વિદ્યાર્થીઓ ચૂંટણી પ્રક્રિયા વિશે પ્રત્યક્ષ રીતે સમજી શકે અને ભવિષ્યમાં જાગૃત નાગરિક બની શકે તે હેતુથી શાળામાં દર વર્ષે બાળસંસદ માટેની ચૂંટણી યોજવામાં આવે છે. તેના ભાગરૂપે શાળામાં બાળસંસદની ચૂંટણી યોજવામાં આવી હતી. ચૂંટણીનું મહત્વ, મતદાર અને મતનું મહત્વ વગેરે જેવી બાબતોની સમજ શિક્ષકો દ્વારા ચૂંટણી પહેલાં આપવામાં આવી હતી. ત્યારબાદ ઉમેદવાર વિદ્યાર્થીઓ અને મતદાર વિદ્યાર્થીઓએ આ ચૂંટણીને એક ઉત્સવ તરીકે ઉજવી હતી અને જીત ન મેળવી શકનાર વિદ્યાર્થીઓએ જીતેલા ઉમેદવારોને રંગોથી રંગીને લોકશાહીના દર્શન કરાવ્યા હતા અને શાળાનું મેદાન આનંદ અને મસ્તીમાં રંગાયેલું જોવા મળ્યું હતું. અહીં નોંધનીય છે કે કેટલાક વર્ગોમાં EVM એપ દ્વારા મતદાન કરાવવામાં આવ્યું હતું.

શ્રી એમ.વી.પરીખ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ (નર્સરી)

નાના ભૂલકાઓ દ્વારા દેશભક્તિ ગીત



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ. વી. પરીખ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના ભાગરૂપે સીનીયર કેજીના બાળકો માટે દેશભક્તિ ગીતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિનિયર કેજીના ૩૫ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સી.એન. વિદ્યાલયના ભૂતપૂર્વ શિક્ષક તેમજ દાણા હાઈસ્કૂલના ભૂતપૂર્વ આચાર્ય શ્રી કમલેશભાઇ કે. પટેલ કાર્યક્રમના મુખ્ય મહેમાને શાળાના પ્રિન્સિપાલ તેમજ શાળાના શિક્ષકોને તેમજ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.





બાળકોને રંગોના વિવિધ શેડ વિશે સમજ વિકસે તે માટે આ મહિનામાં 'રેડ ડે' અને 'ચલો ડે'ની ઉજવણી કરવામાં આવી.

એમ.વી.પરીખ શાળાના નાના ભૂલકાઓએ એક દિવસના શિક્ષકો બની 'ટીચર્સ ડે' ની ઉજવણી







શાળામાં જન્માષ્ટમી પર્વની ઉજવણી



ગૌરીવ્રતની ઉજવણી



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ.વી.પરીખ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં બાળકો તથા વાલીઓ માટે અલગ અલગ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકો માટે વેશભૂષા, મિસમેચ ડે તથા વાલીઓ માટે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વાલીઓ અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો. તદુપરાંત પ્રાચીન કાળથી અષાઢ સુદ પૂનમના દિવસે ગુરૂપૂર્ણિમા ઉજવવામાં આવે છે. ગુરૂપૂર્ણિમાના અવસરે શાળાના શિક્ષક દ્વારા વાર્તા દ્વારા ગુરૂનું મહત્વ સમજાવવામાં આવ્યું. તેમજ દરેક બાળકે પોતાના કલાસ શિક્ષકને ફૂલ આપી પૂજન કર્યું.







રથયાત્રાનું આયોજન

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ.વી.પરીખ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શાળાના શિક્ષકો દ્વારા રથ શણગારી, સમગ્ર શાળા પરિવાર સાથે મળી રથયાત્રા કાઢી આરતી પૂજન કરવામાં આવ્યું. આ રથયાત્રામાં સ્પંદન બાલ મંદિરના બાળકો અને એસ.સી.દાણી શાળાના બાળકો હાથમાં ધજા અને ઢોલ નગારા સાથે રથયાત્રામાં જોડાયા.



પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ

સરદાર પટેલ યુનિવર્સિટી આંતર કૉલેજ બેડમિન્ટન સ્પર્ધા સિલેકશનમાં કપડવંજની પી.બી.સાયન્સ કૉલેજનો સતત બીજા વર્ષે ભવ્ય દેખાવ



સરદાર પટેલ યુનિવર્સિટી આયોજિત આંતર કૉલેજ બેડમિન્ટન સ્પર્ધાનું યુગ પુરૂષ સ્વામી વિવેકાનંદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બાકરોલ - વલ્લભવિદ્યાનગર ખાતે યોજાઇ ગઇ. આ સ્પર્ધામાં કપડવંજ કેળવણી મંડળ સંચાલિત પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજના ભાઇઓ બહેનો અનુક્રમે દિશાંત પટેલ (M.Sc.) અને કુ. ભ્રાંતિ શાહ (B.Sc.) એ પસંદગી મુકાબલામાં ભાગ લઇ પોતાની તમામ મેચો જીતી સરદાર પટેલ યુનિવર્સિટીની વેસ્ટ ઝોન ટીમનાં સંભવિત ખેલાડીઓની ચાદીમાં સતત બીજા વર્ષે સ્થાન મેળવી કપડવંજ કેળવણી મંડળ, સંસ્થા તેમજ સમગ્ર કપડવંજ નગરનું ગૌરવ વધાર્યું છે. અત્રે નોંધનીય છે કે દિશાંત પંચાલે ગતવર્ષની યુનિ. ટીમમાં પસંદગી મેળવીને કોટા ખાતે ઇંટર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. સંસ્થાના આચાર્ય ડૉ. એ.જે.રાવલ તેમજ કપડવંજ કેળવણી મંડળ પરિવાર સહિત એસ.પી.યુનિ.ની આ સમગ્ર સ્પર્ધાના કન્વીનર અને સાયન્સ કૉલેજના ફીઝીકલ ડાયરેકટર ડૉ. જગજીતસિંહ ચૌહાણે વિજેતાઓને અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

શ્રી સ્પંદન બાલમંદિર

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિરમાં ૧૫મી ઑગષ્ટની ઉજવણી કરવામાં આવી





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિરમાં ૧૫મી ઑગષ્ટની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળકો ઝાંસીની રાણી, જવાહરલાલ નહેરુ, ગાંધીજી, સૈનિક વગેરે જેવા અલગ અલગ પાત્રમાં સરસ રીતે તૈયાર થઇને આવ્યા હતા. બીજા વર્ષાના બાળકોએ 'એક કદમ એક તાલ' કુચ ગીત રજૂ કર્યું હતું. બાળકોએ 'ભારત માતા કી જય', 'મેરી મીટ્ટી મેરા દેશ' વગેરે જેવા નારાથી આખું વાતાવરણ દેશભકિતના રંગોથી રંગી દીધું હતું.

શ્રી સ્પંદન બાલમંદિરમાં 'રેડ ડે' ની ઉજવણી





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિરમાં આરોગ્ય તપાસ કરાવવામાં આવી. જેમાં તાલુકા આરોગ્ય અધિકારી ડા. અંકુર પટેલ અને **R.B.S.K.** આયુષ નોડલ ઑફિસર ડા. આશુતોષ પટેલના માર્ગદર્શન હેઠળ ડા. દૈવિક ડી. સંખેચરા, ડા. ઉર્વશી પટેલ, દિપાલીબેન સોની, સુલભ પરમાર હાજર હતા. જેમાં બાળકોની વ્યકિતગત તપાસ દરમિયાન એનીમિયા, દાંતના રોગ, **Developmental Delay** વગેરેની તપાસ કરી. દરેક બાળકોની ઊંચાઇ અને વજન નોંધવામાં આવ્યા.

Developmental Delay ખામીવાળા બાળકોને ટીમ દ્વારા નડિયાદ સિવિલ **D.E.I.C.** સેન્ટર નડિયાદ ખાતે રીફર કરવામાં આવશે. જયાં ૧૫ દિવસ રાખવામાં આવશે. જેમની સાથે માતા-પિતામાંથી કોઇ એક સાથે જશે. જયાં બાળકોને જરૂરી **Nutrition** દિન ૧૪ સુધી આપવામાં આવે છે. જેથી કરીને બાળકોની તંદુરસ્તી જળવાય રહે.







શ્રી સ્પંદન બાલમંદિરમાં **વાલી સ્વયંશાસન દિનની ઉજવણી** કરવામાં આવી.
જેમાં ૨૪ જેટલા વાલીએ ઉત્સાહભેર ભાગ લીધો.





શ્રી સ્પંદન બાલમંદિરમાં ચોમાસાનું ગેલેરી વૉક કરવામાં આવ્યું. જેમાં બાળકોને પ્રત્યક્ષ ચોમાસાની ઋતુની અનુભૂતિ કરાવવામાં આવી. કાગળની હોડીઓ બનાવીને પાણીમાં તરતી મૂકી. તેમજ બાળકોને જળચર પ્રાણીઓ જેવા કે કાચબો, માછલી, મગર વગેરે જેવા પ્રાણીઓ પ્રત્યક્ષ બતાવવામાં આવ્યા. તેમજ ચોમાસામાં આવતા તહેવારોની પણ સમજ આપવામાં આવી હતી.



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિરના બાળકોને ડાકોર ચોકડી પાસે આવેલ વસતા તળાવની મુલાકાતે લઇ જવામાં આવ્યા હતા. ત્યાં બાળકોએ હીંચકા, લપસણી તેમજ અલગ અલગ રાઇડ્સમાં બેસીને મજા માણી હતી. બાળકોએ બાગમાં રમતો પણ રમી હતી. ત્યાં બેસીને સમૂહમાં નાસ્તો કર્યો હતો. આ રીતે બાળકોએ નાનકડી પિકનિકનો આનંદ ઉઠાવ્યો હતો.

શ્રી એસ. સી. દાણી પ્રાયમરી સ્કૂલ

કપડવંજમાં સૌ પ્રથમવાર વ્યવસાયકારો અને જાહેર સંસ્થાઓનું પ્રદર્શન



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ.સી.દાણી શાળામાં વ્યવસાયકારો અને જાહેર સંસ્થાઓની કામગીરીની અભ્યાસિક માહિતીરૂપે વિવિધ પાત્રોનું શાળામાં નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ધોરણ ૫ થી ૧૨ ના કુલ ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. દરેક વિદ્યાર્થીઓએ પોતાના પાત્રોને યોગ્ય ન્યાય આપવાની જહેમત ઉઠાવી પાત્રોને આબેહૂબ રજૂ કર્યા. જાહેર સંસ્થાઓમાં બેંન્ક, મામલતદાર કચેરી, કલેકટર ઑફિસ, દવાખાનું, પોલિસ સ્ટેશન, વિધાનસભા, અદાલત વગેરે સંસ્થાઓ વિશેની કામગીરી વિદ્યાર્થીઓ જીવંત જોઇ શકે અને તેમને









જીવનમાં ઉપયોગી બની રહે. જયારે વ્યવસાયકારોમાં વિદ્યાર્થીઓ ખેડૂત, માળી, દરજી, પત્રકાર, સૈનિક, પોલિસ જેવા પાત્ર પરિધાન ધારણ કરી વ્યવસાયિકોની કામગીરીની માહિતી વિદ્યાર્થીઓ તેમજ વાલી મિત્રોને જીવંત રજૂ કરી. શાળાના આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં શાળા પરિવારે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડી પ્રદર્શનને સફળ બનાવ્યું.



ભારત વિકાસ પરિષદ, કપડવંજ દ્વારા આયોજીત રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા અંતર્ગત વિભાગ-બી માં શ્રી એસ.સી.દાણી માધ્યમિક વિભાગનો પ્રથમ નંબરે વિજેતાને પ્રાંત ઓફિસર અનિલ ગોસ્વામીના હસ્તે ટ્રોફી અર્પણ



શાળામાં દેશભક્તિ ગીત સ્પર્ધા

ભારતને આઝાદી અપાવવામાં બલિદાન આપનાર શહીદોને શ્રદ્ધાંજલિ આપવાના હેતુથી શ્રી એસ. સી. દાણી શાળામાં દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૮ માંથી ૩૮ વિદ્યાર્થીઓની પસંદગી કરી દેશભક્તિ ગીત સ્પર્ધામાં ભાગ લીધો. જેમાં નિર્ણાયક અલ્પાબેન દ્વારા વિભાગ પ્રમાણે નંબર આપવામાં આવ્યા.



જન્માષ્ટમીની ઉજવણી

શ્રી એસ.સી.દાણી શાળામાં
જન્માષ્ટમી પર્વ નિમિત્તે
જગતપાલક શ્રીકૃષ્ણના જન્મોત્સવ
જન્માષ્ટમીનો તહેવાર ઉજવવામાં આવ્યો.



વિવિધ સ્પર્ધાઓનું આયોજન











રાખડી બનાવવાની સ્પર્ધા

શ્રી એસ.સી.દાણી પ્રાયમરી શાળામાં રક્ષાબંધનના પવિત્ર તહેવારની ઉજવણીના ભાગરૂપે રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ધોરણ ૫ થી ૮ના કુલ ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.





શ્રી એસ.સી.દાણી પ્રાયમરી સ્કૂલમાં ગૌરીવ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ધોરણ-૫ થી ૧૦ ની ૬૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. વિદ્યાર્થીનીઓએ આકર્ષક મહેંદીની ડીઝાઇન બનાવી કળાને કોઇ બંધન નથી હોતું એ વાતને સાબિત કરતું ઉદાહરણ સોલંકી જૈમિન અને પરમાર શ્રેયાંશે મહેંદી હરિફાઇમાં ભાગ લઇ પૂરું પાડ્યું હતું.

વિભાગ-૧ ધોરણ : ૫,૬

પ્રથમ -	પંચાલ આયુષી કમલેશકુમાર
દ્વિતીય -	સોની ત્વીષા બ્રિજેશકુમાર
તૃતીય -	પ્રજાપતિ કાવ્યા મુકેશભાઇ

વિભાગ-૨ ધોરણ ૭,૮

પ્રથમ -	પટેલ વંશી પિયુષકુમાર
દ્વિતીય -	પરમાર દિશા નરસિંહ
તૃતીય -	વાળંદ અનોખી જીગ્નેશભાઇ
આશ્વાસન -	સોલંકી જૈમિન હેમંતકુમાર
	પરમાર શ્રેયાંશ ચિરાગભાઇ

વિભાગ-૩ ધોરણ ૯,૧૦

પ્રથમ -	પ્રજાપતિ હેત્વી જયેશકુમાર
દ્વિતીય -	પટેલ શ્રેયાંશી પ્રવિણભાઇ
તૃતીય -	પટેલ નેત્રા નિખીલભાઇ
તૃતીય -	સુતરીયા વિશ્વા જગદીશભાઇ